Mangalam Ranga Hridayam

મઙ્ગલં રઙ્ગહૃદયમ્

Document Information

Text title : Mangalam from Rangahridayam

File name : mangalamrangahRRidayam.itx

Category : deities_misc, gurudev, mangala, rangAvadhUta

Location : doc_deities_misc

Transliterated by : Rahul Gamara

Proofread by : Rahul Gamara

Translated by : Gujarati, Dhirubhai, Kulinbhai

Description/comments : Datta Hridayam by Shri Ranga Avadhuta Swami

Acknowledge-Permission: Akhil Bharat Ranga Avadhut Parivar

Latest update : May 16, 2023

Send corrections to : sanskrit at cheerful dot c om

This text is prepared by volunteers and is to be used for personal study and research. The file is not to be copied or reposted without permission, for promotion of any website or individuals or for commercial purpose.

Please help to maintain respect for volunteer spirit.

Please note that proofreading is done using Devanagari version and other language/scripts are generated using **sanscript**.

February 11, 2024

sanskritdocuments.org

મઙ્ગલં રઙ્ગહૃદયમ્

શ્રીદત્તઃ પ્રસન્નોઽસ્તુ ।
(રાગ - બિભાસ)

રમોમાનનપદ્માર્ક-પાદપદ્મમુપાસ્મહે ।
યત્સૌરભં સમાઘ્રાય ધાવન્તિ વિબુધાલયઃ ॥ ૧॥

શ્રીદત્તઃ શરણં મમેતિ ગદતો દત્તં સદા ધ્યાયતો
દત્તેનાહૃતચેતસઃ કિમુ ભયં દત્તાય તુભ્યં નમઃ ।
દત્તાજ્જાતમિદં ચરાચરમરં દત્તસ્ય દાઘ્રિ સ્થિતં
દત્તે ચૈવ વિલીયતે સરભસં ભો દત્ત કસ્ત્વત્પરઃ ॥ ૨॥

પાખણ્ડમાર્ગગિરિરાજપવિં વદાન્યં
યોગીન્દ્રવન્દ્યમચલં ખલુ ધૈર્યવૃત્તેઃ ।
મોહાસુરપ્રમથનાય ધૃતાવતારં
તં શઙ્કરં પરમહં શરણં પ્રપદ્યે ॥ ૩॥

ઇતિ શ્રીરઙ્ગાડવધૂતવિરચિતં રઙ્ગહૃદયાત્ મઙ્ગલં સમ્પૂર્ણમ્ ।

રંગાવધૂતં પ્રણતોઽસ્મિ નિત્યમ્ ।
શ્વાસે શ્વાસે દત્તનામં સ્મરાત્મન્ ।
દત્તાત્રેયં તં હૃદિસન્તં પ્રણતોઽસ્મિ ।

ગુજરાતી ભાવાર્થ અને શબ્દાર્થ

ઉમા (પાર્વતી) આનન (મુખ);
રમોમાનન - રમા (લક્ષ્મી) પદ્મ - કમળ; અર્ક - સૂર્ય; પાદપદ્મં - ચરણકમળની; ઉપાસ્મહે - (અમે) ઉપાસના કરીએ છીએ; યત્ - જેની; સૌરભ - સુગન્ધને; સમાઘ્રાય - સૂઙ્ઘવા માટે; ધાવંતિ દોડે છે; વિબુધા - જ્ઞાનીઓ; અલયઃ - ભમરાઓ (અલિ - ભમરો)। ૧।

રમા (સ્વામી મહારાજનાં માતા) અને ઉમા (પાર્વતી)ના મુખકમળને વિકસિત કરનાર ૫ । પૂ । ટેમ્બેસ્વામી મહારાજ તથા ગણપતિ (અથવા રમા એટલે લક્ષ્મી અને તેના મુખકમળને વિકસિત કરનાર તેમના પતિ વિષ્ણુ અને ઉમાના પતિ શઙ્કર)નાં ચરણકમળની અમે ઉપાસના કરીએ છીએ કે જેની સુગન્ધને સુઙ્ઘવા માટે જ્ઞાનરૂપી ભમરાઓ આમતેમ દોડે છે ।

। ૧।

શ્રીદત્તઃ શ્રીદત્ત; શરણં - શરણ; મમ - મારું; ઇતિ એમ; ગદતો - બોલતાં બોલતાં; દત્ત - દત્તનું; સદા - હંમેશાં, ધ્યાયતો - ધ્યાન ધરતાં; દત્તેન- દત્તથી, દત્ત વડે; આહત - આકર્ષાયું, હરી લેવાયું; ચેતસઃ - ચિત્ત; કિમુ - કયાંથી, કેમ કરીને; ભયં - ભય; દત્તાય - દત્તને; નમઃ - નમસ્કાર હજો; દત્તાત્ - દત્તમાંથી જ; જાતં - જન્મ્યું છે; ઇદં - આ; ચરાચરં - જડ (અચર) અને ચેતન (ચર); અરું - ચક્ર; દત્તસ્ય - દત્તના; દાગ્નિ - સૂત્રમાં; સ્થિતં - સ્થિર રહેલું છે, ગૂંથાએલું છે; દત્તે - દત્તમાં; ચ - અને; એવ - જ, વિલીયતે - વિલીન થાય છે; સરભસં - એકદમ; ભો દત્ત - હે (ભો) દત્ત! કઃ - કોણ; ત્વત્ - આપનાથી; પરઃ - પર છે .. .. ૨।

"શ્રીદત્તઃ શરણં મમ" - "શ્રીદત્ત મારું શરણ છે" એમ બોલતાં બોલતાં, દત્તનું સદા ધ્યાન ધરતાં, દત્ત વડે જેનું ચિત્ત આકર્ષાયું છે એવા માણસને (મને) ભય કયાંથી હોય? દત્તરૂપી તમને નમસ્કાર(હજો!) દત્ત ભગવાનમાંથી જ આ સચરાચર જગતરૂપી ચક્ર ઉત્પન્ન થયું છે અને દત્તના સૂત્રમાં જ ગૂંથાએલું છે અને દત્તમાં જ એકદમ વિલીન થાય છે । હે દત્ત! આપનાથી પર કોણ છે? (કોઇ નથી)।

પાખણ્ડમાર્ગ - પાખંડનો માર્ગ; ગિરિરાજ

। ૨।

પર્વતોમાં રાજા સમાન;

પવિં - વજ્ર; વદાયં - ઉદાર; યોગીન્દ્રવન્દ્યં - યોગીન્દ્રો (યોગીઓમાં ઇન્દ્ર સમાન) દ્વારા પણ વન્દનીય; અચલ - પર્વત; ખલુ - ખરેખર, પણ; ધૈર્યવૃત્તેઃ - ધૈર્યવૃત્તિના; મોહાસુર - મોહરૂપી રાક્ષસ (અસુર); પ્રમથનાય - નાશ કરવા માટે; ધૃતાવતારં

જેણે અવતાર ધારણ કર્યો (ધૃત) છે; તં - તે, તેવા; શઙ્કરં - શઙ્કરાચાર્યને; પરં પરમ, આદ્ય; અહં - હું; શરણં - શરણ; પ્રપદ્યે - લૌં છું, જાઉં છુમ્ ।

। ૩।

પાખંડમાર્ગરૂપી પર્વત માટે વજ્ર સમાન, ઉદાર, યોગીન્દ્રો દ્વારા પણ વન્દનીય, ધૈર્યવૃત્તિના પર્વત, મોહરૂપી અસુરનો નાશ કરવા માટે જેણે અવતાર ધારણ કર્યો છે તેવા પરમ (આદ્ય) શઙ્કરાચાર્યને શરણે હું જાઉં છુમ્ ।

Encoded and proofread by Rahul Gamara

pdf was typeset on February 11, 2024

Please send corrections to *sanskrit@cheerful.com*